# ઇ.સ. ૧૮૬૦ પહેલાં આદિવાસીઓ ફરતી ખેતી કરતા હતા

**માલિક** હક્ક દર્શાવવા ખૂંટ નાંખી ટેક રાખવાની પરંપરા એટલે બળેવ



વાંકલ : બળેવના દિવસે દરેક ખેતરમાં કે ચવાળા ( ઘાસીયા) માં ખૂંટ રોપવાની પરંપરા રહેલી છે, આ પરંપરા ઐતિહાસિક તથા પરંપરા નું બેવડું મહત્વ ધરાવે છે, ઈ.સ ૧૮૬૦ પહેલાં આ વિસ્તારમાં ખેતી માટેની જમીન કોઈની માલિકીની ન હતી. આ સમયે આ વિસ્તારના લોકો ઝૂમ ખેતી ( ફરતી ખેતી) કરતાં હતાં. જે વ્યક્તિ એ વાવણી કે રોપણી કરી હોય અથવા પશુઓ માટે ઘાસ રાખ્યું હોય તો તે જગ્યાએ માલિક હક્ક દર્શાવવા ખૂંટ રોપવાની પરંપરા શરૂ થઇ હતી. આ પરંપરા માંગરોળના બોરિયા ગામે આજે પણ જોવા મળે છે.

બળેવના દિવસે સવારે ખેડૂત ખજૂરી, સાગ, ખાખરો અથવા અન્ય કોઈ વૃક્ષની ડાળી લાવે છે. ઘરનાં આંગણામાં સળગતું લાકડું મૂકવામાં આવે. એની ઉગમણી તરફ લાવેલ બધી ડાળીઓને એ ધૂપની ઉપરથી ફેરવી ધૂપ આપવામાં આવે. ત્યારબાદ ઘર નજીક આવેલા ઉકરડા ઉપર પહેલી ડાળી ખોસી દેવામાં આવે.

ત્યારબાદ ખેતરમાં કે વાડામાં વચ્ચોવચ આ ડાળીને ઊભી ખોસી દેવામાં આવે. આ ડાળીઓને 'મહય' નામથી ઓળખાય. કેટલાક વિસ્તારોમાં ઘર ઉપર પણ મહય નાખવાની પરંપરા જોવા મળે છે. ખેતરનો પાક તૈયાર થઈ જાય પછી, કાપણી વખતે મહયા ની નજીક એક થૂબંડી (થોડા ભાગ) કાપ્યા વગરની રાખે, મહયા સાથે બાંધી દેવામાં આવે છે. જેને ચોકીદાર નો વીરુ (મહેનતાણું) ગણવામાં આવે છે.

### બળેવમાં આ પરંપરા આજે પણ યથાવત

**1 દેવ અને પૂર્વજોના પ્રતીક તરીકે સ્થપાતો લાકડાનો સ્તંભ**
આદિવાસીઓ દરેક દેવ અથવા પૂર્વજોના પ્રતીકરૂપે સાગ અથવા સાદડના લાકડામાંથી એક મજબૂત સ્તંભ (ખૂંટ) ઘડે છે.
**પ્રકૃતિ પૂજા:** આ સ્તંભને જમીનમાં વિધિવત રીતે રોપીને તેની સ્થાપના કરવામાં આવે છે. તેઓ સૂર્ય, ચંદ્ર, ઇન્દ્ર, પશુ-પંખી અને વૃક્ષોને દેવ માનીને આ ખૂંટની પૂજા કરે છે.
**પિતૃ તર્પણ (ખાંભી):** ઘણી જગ્યાએ પરિવારના પૂર્વજોની યાદમાં અથવા ગામના રક્ષણ કાજે પણ આ પ્રકારે ખૂંટ (લાકડાની ખાંભી) રોપવામાં આવે છે.

**2 સામાજિક અને ભૌગોલિક ઓળખ (ખૂંટકટ્ટી પ્રથા)કુળની ઓળખ**
આદિવાસી ઇતિહાસમાં 'ખૂંટ' શબ્દ કુળ અથવા વંશાવલી (Lineage) દર્શાવે છે. જે પરિવારે સૌપ્રથમ જંગલ સાફ કરીને ગામ વસાવ્યું હોય, તેને 'ખૂંટકટ્ટી' અથવા ગામના મૂળ સ્થાપક ગણવામાં આવે છે.
**સીમા રેખા:** ગામ કે ખેતરની સરહદ નક્કી કરવા માટે પણ પ્રતીકાત્મક રીતે ખૂંટ રોપવાની પ્રથા છે, જે જમીન પરના સામૂહિક અધિકારને દર્શાવે છે.

# વ્યારા રેફરલની મહિલા ડોક્ટરે વીમાના ચક્કરમાં રૂપિયા 45 .13 લાખ ગુમાવ્યા

**વ્યારા** પોલીસ મથકે 16થી વધુ શખ્સ વિરુદ્ધ ગુનો નોંધાયો

વ્યારા: વ્યારામાં રેફરલ હોસ્પિટલમાં ફરજ બજાવતી મહિલા ડોક્ટર સાથે ઇન્સ્યોરન્સ પોલિસીના ચક્કરમાં લાખો રૂપિયાની ઠગાઈ થવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મળતી માહિતી મુજબ વ્યારા રેફરલ હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવી રહેલ રાજલબેન રતિલાલ ચૌધરી (ઉં.વ.42) (રહે.,51/A ડી.કે પાર્ક સોસાયટી, કાનપુરા, તા.વ્યારા, મૂળ રહે.,વાંકાનેર, તા.બારડોલી) એ પોતાના પિતા બેન્કમાં નોકરી કરતા હતા ત્યારે વર્ષ 2010-11માં એસ.બી.આઇ. લાઇફ ઈન્સ્યોરન્સની ભાઈ-બહેનના નામે બે વિમા પોલિસી લીધી હતી. જેની પાકતી મુદત વર્ષ-2015-16 હતી. ત્યારે વર્ષ 2015-16 દરમિયાન SBI લાઇફ ઈન્સ્યોરન્સ સુરતનાં અંજના બાફના અને અનિલ બાફના નામના બે એજન્ટે ફરિયાદીના પિતા પાસે વીમા પોલિસી લેવડાવી હતી. બાદ એજન્ટ અંજના બાફના દ્વારા ફરી પોલિસી લેવાનું કહેવામાં આવતાં ફરિયાદીએ વર્ષ-2018માં નવી બે પોલિસી લીધી હતી. જેનું વાર્ષિક પ્રિમિયમ રૂ.49,900 અને 48,719 જેટલું હતું. એ બાદ મુંબઈથી એસ.બી.આઇ. લાઇફ ઈન્સ્યોરન્સના અમિત ચૌહાણ નામના બ્રાંચ મેનેજર દ્વારા ફરિયાદીને અવારનવાર ફોન કરીને વીમા પોલિસી લેવા સમજાવવામાં આવી હતી. જોકે, ફરિયાદીએ તે સમયે બીજી કોઈ પોલિસી લેવાનું ટાળી દીધું હતું.

વર્ષ-2020માં અમિત ચૌહાણે ફરી મહિલાને ફોન કરીને નવી પોલિસી લેવાનું કહેવામાં આવતાં મહિલાએ ના પાડતાં અમિત ચૌહાણે આશિષ ભટ્ટાચાર્ય નામની વ્યક્તિ સાથે ફોન પર વાત કરાવી હતી. દરમિયાન મહિલાએ આશિષ ભટ્ટાચાર્ય વાતમાં આવી ફરી નવી પોલિસી લીધી હતી. જેનું વાર્ષિક પ્રિમિયમ રૂપિયા 47,716 હતું. બાદ મહિલા ડોક્ટર દ્વારા આશિષ ભટ્ટાચાર્યને વર્ષ 2015-16માં લેવામાં આવેલી પોલિસી વિશે પૂછતાં જે પોલિસીની મુદત પાકતી હોવાથી ઈન્સ્યોરન્સમાં જમા કરાવી દેવાનું કહ્યું હતું અને બીજી નવી પોલિસી લેવાનું જણાવતાં મહિલા ડોક્ટરે ફરી વર્ષ 2020-21માં નવી બે પોલિસી લીધી હતી અને પાકતી મુદતની અગાઉની વીમા પોલિસી કરિયરથી આશિષ ભટ્ટાચાર્યએ આપેલા ઈન્દોરના સરનામે મોકલી આપી હતી. એ બાદ મહિલા ડોક્ટરને ઈન્સ્યોરન્સના નાણાં પરત આપવાનાં બહાને અલગ અલગ પ્રકારના ટેક્સ, ચાર્જ, ફી તેમજ અન્ય રિફંડેબલ નાણાં ભરાવી તેમજ ખોટા સરકારી અને ઇન્શ્યોરન્સના દસ્તાવેજો પર રૂ.80,19,648, રૂ.95,98,680 તેમજ રૂ.1,02,90,300ની રકમ પાકતી મુદ્દતે બેંક ખાતામાં જમા થશે તેવી લાલચ આપી ફરિયાદીને ગુમરાહ કરી વર્ષ-2020થી આજદિન સુધી ટુકડે ટુકડે મળી કુલ રૂ.45,13,537ની મોટી રકમ પડાવી લીધી છે. જે આજદિન સુધી પરત ન કરતાં મહિલાએ સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. ત્યારે પોલીસે આશિષ ભટ્ટાચાર્ય, અમિત ચૌહાણ, સુજીત શર્મા સહિત અલગ અલગ 16થી વધુ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલી પોલીસે મહિલાની ૪ લાખના સોના-દાગીના ભરેલી બેગ પરત કરી



બારડોલી: બારડોલી ટાઉન પોલીસે એક મહિલાને તેમની રિ ક્ષામાં ભુલાયેલી ૪ લાખ રૂપિયાની કિંમતના સોના-દાગીના ભરેલી બેગ સહીસલામત પરત અપાવી છે. તાજેતરમાં એક મહિલા સુરત શહેરથી બારડોલીના બાબેન ખાતે આવવા માટે રિક્ષામાં બેઠાં હતાં. બાબેન પહોંચ્યા બાદ તેઓ રિક્ષામાંથી ઊતરી ગયાં હતાં, પરંતુ પોતાની કીમતી સોના-દાગીના અને અન્ય વસ્તુઓ ભરેલી બેગ રિક્ષામાં જ ભૂલી ગયાં હતાં. આ બેગમાં રહેલા દાગીના અને ચીજવસ્તુઓની અંદાજિત કિં.રૂ.૪,૦૦,૦૦૦ જેટલી હતી. આ અંગેની જાણ થતાં મહિલાએ તાત્કાલિક બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. બારડોલી ટાઉન પોલીસ ઇન્સ્પેક્ટર વી.એ.સેંગલની સૂચના હેઠળ સર્વેલન્સ સ્ટાફે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની ટીમે અંગત હ્યુમન સોર્સિસ અને ટેક્નિકલ આધારે વર્કઆઉટ કરી ગણતરીના સમયમાં જ રિક્ષાચાલકને શોધી કાઢ્યો હતો. પોલીસે રિક્ષાચાલક પાસેથી બેગમાં રહેલી તમામ વસ્તુઓ મેળવી લીધી હતી અને અરજદાર મહિલાને તેમના ૪ લાખ રૂપિયાની કિંમતના દાગીના તથા બેગ ગુજરાત પોલીસના તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત પરત કર્યા હતા.

### કુકરમુંડામાં બે ધામણ સાપનું રેસ્ક્યુ



કુકરમુંડા: કુકરમુંડાના બેજ ગામ સહિત અન્ય એક ગામના રહેણાક વિસ્તારમાંથી બે ધામણ સાપનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. રહેણાક વિસ્તારમાં સાપ દેખાતાં સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. નિઝરના સાપ રેસ્ક્યુઅર વિશાલ પાડવીને જાણ કરવામાં આવતાં તેઓ સ્થળ પર પહોંચ્યા હતા અને બંને ધામણ સાપને સલામત રીતે રેસ્ક્યુ કર્યા હતા. બંને ધામણ સાપ આશરે 6 ફૂટ લાંબા હોવાનું જાણવા મળ્યું હતું. રેસ્ક્યુ બાદ બંને સાપને માનવ વસાહતથી દૂર તેમના કુદરતી વાતાવરણમાં સુરક્ષિત રીતે છોડી મૂકવામાં આવ્યા હતા.

### ડોલવણના ધ્રાંગધરમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

વ્યારા: ડોલવણના ધ્રાંગધરમાં પોલીસે ગત તા.27-8-2026ના રોજ ખાનગી રાહે મળેલી બાતમીના આધારે રેડ કરી સડક ફળિયામાં ખુલ્લેઆમ જુગાર રમતા પાંચ જુગારીઓને પકડી પાડ્યા હતા. જ્યારે અન્ય બે આરોપી ભાગી છૂટ્યા હતા. પોલીસે રોકડા રૂ.540નો મુદ્દામાલ કબજે લઈ આરોપી ગોવિંદ સોનિયા કોંકણી, ફૂલચંદ જેઠીયા કોંકણી, રમેશ મનકુ કોંકણી, નિલેશ દેવલુ કોંકણી, સુમન જેઠીયા કોંકણી તમામ (રહે.,ધ્રાંગધર, સડક ફળિયું, તા.ડોલવણ, જિ.તાપી) ધરપકડ કરી અન્ય બે આરોપી સંજય ચંદુ કોંકણી, રવા નવલુ કોંકણી બંને (રહે.,ધ્રાંગધર, પાટી ફળિયું, તા.ડોલવણ)ને વોન્ટેડ જાહેર કરી પકડાયેલા આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી હતી.

### અંકલેશ્વરમાં કારની ટક્કરે રાહદારીનું મોત

અંકલેશ્વર: કલેશ્વર નજીક હાઇવે પર નવજીવન ચોકડી પાસે ઈકો ગાડીની અડફેટે રાહદારીનું ઘટના ળે જ મોત નીપજ્યું હતું. પોલીસએ મૃતક અજાણ્યા ઈસમના પરિજનોની શોધખોળ શરૂ કરી હતી. અંકલેશ્વર નજીકથી પસાર થતા નેશનલ હાઇવે નંબર 48 પર આવેલા નવજીવન હોટલ સામે શુક્રવારે અકસ્માત સર્જાયો હતો. સુરત તરફ જવાના ટ્રેક પરથી પસાર થઈ રહેલા એક અજાણ્યા રાહદારીને પૂરઝડપે આવી રહેલી ઈકો ગાડીના ચાલકે જોરદાર અડફેટે લીધો હતો. અકસ્માતમાં રાહદારીને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે હાઇવે પર ક્ષણભર માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. બનાવ અંગેની જાણ થતાં જ પોલીસ કાફલો તુરંત ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

### કાછબ ગામમાં ટેક્સા પાર્કના બીજા માળેથી 15 વર્ષીય કિશોર પટકાયો

કીમ: કાછબની અંજની ટેક્સાપાર્કમાં બાંધકામ દરમિયાન 15 વર્ષીય કિશોર અચાનક બીજા માળેથી નીચે પટકાતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. મળતી માહિતી મુજબ તા.26 ઓગસ્ટના રોજ બપોરે આશરે 2:30 વાગ્યાના અરસામાં અંજની ટેક્સાપાર્કમાં બાંધકામનું ચણતર તથા પ્લાસ્ટરનું કામ ચાલી રહ્યું હતું. આ દરમિયાન કાલુ ગીરધરભાઈ ડાવર (ઉં.વ.15) આંટાફેરા મારતા બીજા માળે પહોંચી ગયો હતો. લિફ્ટના ભાગેથી નીચે તરફ જોતી વખતે અચાનક તેનો પગ લપસી જતાં તે નીચે પટકાયો હતો. આકસ્મિક રીતે નીચે પટકાતાં કિશોરને માથાના ભાગે તેમજ ડાબા હાથમાં ગંભીર ઈજા અને ફ્રેક્ચર થયું હતું. ઘટનાની જાણ થતાં કિશોરને સારવાર માટે જીવનરક્ષા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસ નોંધ મુજબ કિશોર હાલ બેભાન અવસ્થામાં હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે કીમ પોલીસ સ્ટેશનમાં જાગવા જોગ નોંધ કરવામાં આવી છે. સમગ્ર ઘટનાની તપાસ અ.હે.કો. અનિલભાઈ વિક્રમભાઈ દ્વારા હાથ ધરવામાં આવી છે.

### નિઝર કોલેજમાં કાર્યક્રમ યોજાયો

કુકરમુંડા: નિઝર સ્થિત શ્રી એસ. જી. પટેલ આર્ટ્સ એન્ડ શ્રી પી. કે. દેસાઇ કોમર્સ કોલેજ ખાતે તા.27/08/2026ના રોજ નશાના દૂષણ સામે જનજાગૃતિ કેળવવા અને યુવાનોને નશામુક્ત જીવન તરફ પ્રેરિત કરવાના હેતુથી "નશામુક્ત ભારત અભિયાન" અંતર્ગત પ્રેરણાત્મક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના બી.કે. આરતી દીદી અને બી.કે. રેખા દીદી વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં.

શું વેપારીઓએ દુકાનનાં પતરાં પર 'ચોર ભાઈઓ માટે નો એન્ટ્રી'નાં બોર્ડ મારવાનાં?

# બારડોલીમાં છતમાંથી તસ્કરો ટપક્યા પંદર દિવસમાં ચાર દુકાન સફાચટ!

**ઇસરોલી** પોલીસના 'સિગ્નલ' વીક પડ્યા; ચોરો બેટરી, ઇન્વર્ટર અને કિસ્મત બધુંય 'ચાર્જ' કરીને ગાયબ!



બારડોલી: બારડોલી-ધુલિયા નેશનલ હાઈવે નં.૫૩ પર અગાશી માતા મંદિર અને કસ્તુરી હોટલ પાસે આજકાલ ચોરોને મોજ પડી ગઈ છે. દરવાજેથી આવવા-જવાને બદલે છતનાં પતરાં તોડીને સીધા ટપકી પડતી તસ્કર ગેંગે વેપારીઓની રાતની ઊંઘ ઉડાડી દીધી છે. આ ચોર ભાઈઓની મોડસ ઓપરેન્ડી બહુ જ સરળ અને સોબર છે. પતરાં તોડો, અંદર ઘૂસો અને રોકડ સાથે માત્ર ચમકતો કોપર વાયર જ સમેટીને રવાના થઈ જાવ!

ગત ૨૭મીની રાત્રે 'જલારામ બેટરી એન્ડ ઓટો ઈલેક્ટ્રિક'માં ઘૂસેલા આ 'કોપરપ્રેમી' ચોરોએ ૧૦થી વધુ ઈન્વર્ટરની બોડીઓ તોડી આશરે ૬૦ હજારનો કોપર વાયર કાઢી લીધો હતો. બાજુમાં આવેલી 'કુબેર એન્જિનિયરિંગ'માં પણ આ જ રીતે છતનું ઓપરેશન કરીને ચોરી કરી હતી. છેલ્લા ૧૫ દિવસમાં જલારામ બેટરી, ગાયત્રી ગેરેજ, ટ્રક બોડી રિપેરિંગ અને લેથ મશીનની દુકાનોમાં તસ્કરોએ એવો સપાટો બોલાવ્યો છે કે વેપારીઓ હવે દુકાન બંધ કરતી વખતે તાળાં મારવા કે પતરાં પર 'ચોર ભાઈઓ માટે નો એન્ટ્રી'ના બોર્ડ મારવા તે વિચારી રહ્યા છે!

અવારનવાર થતી આ ચોરીઓથી દિલીપ ખત્રી, પ્રફુલ પટેલ અને અમિત પટેલ જેવા વેપારીઓમાં ભારે રોષ છે. વેપારીઓએ અગાઉ પોલીસ અને ડીવાયએસપી સાહેબની કચેરી સુધી ધક્કા ખાધા, પણ ઈસરોલી બીટ પોલીસ ડિસ્ચાર્જ થયેલી બેટરી જેવી લાચાર સાબિત થઈ છે. ચોરો દર વખતે સફાઈથી વાયર કાપી જાય છે અને પોલીસ હજુ સુધી 'કનેક્શન' શોધવામાં જ વ્યસ્ત છે. હવે કંટાળેલા વેપારીઓએ ફરી એકવાર નવી ફરિયાદ નોંધાવવાની તૈયારી હાથ ધરી છે.

**આ ચાર દુકાનને નિશાન બનાવી**
જલારામ બેટરી
ગાયત્રી ગેરેજ
ટ્રક બોડી રિપેરિંગ
લેથ મશીનની દુકાન

### મોટા બોરસરામાં ફેક્ટરીમાં બોઇલરમાં કોલસો નાંખતાં શ્રમિક દાઝ્યો

હથોડા: માંગરોળના મોટા બોરસરા ગામે કૈલાસ નામની ફેક્ટરીમાં બોઇલરમાં કોલસો નાંખતી વખતે અચાનક ભડકો થતાં એક શ્રમિક ગંભીર રીતે દાઝી ગયો હતો.

મળતી માહિતી મુજબ મૂળ ઉત્તર પ્રદેશનો વતની અને કૈલાસ ફેક્ટરીમાં મજૂરીકામ કરતો 50 વર્ષીય શિવ સંપત બુદ્ધઈ બોઇલરમાં કોલસો નાંખવાની કામગીરી કરી રહ્યો હતો. તે જ સમયે બોઇલરમાંથી અચાનક મોટો ભડકો થતાં તે તેની લપેટમાં આવી ગયો હતો અને શરીરના ભાગે દાઝી જવાથી ગંભીર ઈજાગ્રસ્ત થયો હતો.

ઘટના બનતા જ ફેક્ટરીના અન્ય કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી. ઈજાગ્રસ્ત શ્રમિકને તાત્કાલિક અસરથી વધુ સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. આ બનાવ અંગે સ્થાનિક પાલોદ પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે ગુનો નોંધી ઘટનાનાં કારણો અને ફેક્ટરીનાં સુરક્ષા ધોરણો અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# સોંદામીઠામાં ગંજીપાનાના દાવ પર ૯ 'ખેલાડી'ની નસીબની બાજી ઊંધી પડી

**ઓલપાડ** પોલીસે રીયાંસ ફાર્મ હાઉસમાં દરોડો પાડી રૂ.૨૬.૧૨ લાખનો મુદ્દામાલ કબજે લીધો

સાયણ: ઓલપાડના સોંદામીઠા-ભટગામ સીમ રોડ ઉપર આવેલા એક ફાર્મ હાઉસમાં જુગારની બાતમીના આધારે પોલીસે રેડ કરી રોકડ રકમ સહિત કુલ રૂ.૨૬,૧૨,૬૮૦ના મુદ્દામાલ સાથે નવ જુગારી પકડી લીધા હતા.

ગત ગુરુવારે સાંજે ઓલપાડ પોલીસ પેટ્રોલિંગ કરી રહી હતી. ત્યારે બાતમી મળી હતી કે, સોંદામીઠાની સીમમાં ભટગામથી સોંદામીઠા જતા રોડ ઉપર આવેલ કાંતિભાઈ સેલરના રીયાંસ ફાર્મ હાઉસમાં કેટલાક જુગારીઓ ગંજીપાનાથી રૂપિયાની હારજીતનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના પગલે પોલીસે ૭:૧૫ કલાકના સુમારે રેડ કરી હતી. દરમિયાન નવ આરોપી જુગાર રમતાં ઝડપાઈ ગયા હતા. પોલીસે રેડ દરમિયાન આરોપીઓની અંગજડતીથી મળેલા રોકડા રૂ.૯૭,૧૮૦, જુગાર દાવના રોકડા રૂ.૫૫,૫૦૦, મોબાઈલ ફોન નંગ-૮, કુલ કિં.રૂ.૧.૬૦ લાખ તથા અલગ-અલગ કંપનીની ૩ કાર, કિં.રૂ.૨૩ લાખ મળી કુલ રૂ.૨૬,૧૨,૬૮૦નો મુદ્દામાલ કબજે લીધો હતો.

પકડાયેલા નવ આરોપીમાં સુરતના મોરાભાગળ ખાતે હનુમાન ટેકરી, ટીમલા મહોલ્લામાં રહેતા બે જુગારી કાંતિ ભગવાન સેલર (ઉં.વ.૬૦) અને વિરેન્દ્ર મગન સેલર (ઉં.વ.૫૯), પ્રવીણ જીવરાજ વાઘેલા (ઉં.વ.૪૭) (રહે.,૧૦૩, અમન પાર્ક સોસાયટી, સૌરભ પોલીસ ચોકીની બાજુમાં, સુરત), જહાંગીરપુરાની કૈલાસધામ સોસાયટીમાં રહેતા હરીશ લલ્લુ પટેલ (ઉં.વ.૬૨), સુરતમાં પાલનપુર જકાતનાકાની ઠાકોરદ્વાર સોસાયટીમાં રહેતા દીપક જગદીશ ટાંક (ઉં.વ.૩૬) (રહે.,ઘર નં.૪૯) અને હિતેશ ભીમજીભાઈ સોલંકી (ઉં.વ.૪૦) (વિભાગ-૪), પાલનપુર ગામ કેનાલ રોડની પેન્ટાગોન રેસિડન્સીમાં રહેતા કલ્પેશ રમેશ વાઘેલા (ઉં.વ.૩૬) (રહે., બી/૫૦૨ તથા હરીશ ઉર્ફે હરેક્રિષ્ણા વિનોદ ચૌહાણ (ઉં.વ.૪૦) (રહે.,સી/૫૦૪) તેમજ ચમન નારણ જાવીયા (ઉં.વ.૪૧) (રહે.,૧૭૮, શાંતવન સોસાયટી, અટોદરા, તા.ઓલપાડ)નો સમાવેશ થાય છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

### કડોદરા ચાર રસ્તા નજીક ફરાર આરોપી ઝડપાયો

પલસાણા: પારડી પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા એક માસથી વોન્ટેડ આરોપીને કડોદરા GIDC પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યો હતો.

કડોદરા ચાર રસ્તા પાસે આવેલા ઠાકોરજી કોમ્પ્લેક્સ ખાતે વોચ ગોઠવી પોલીસે આરોપીની પૂછપરછ કરી હતી. જેનું નામ જય પ્રકાશભાઈ વાંસફોડા હોવાનું સામે આવ્યું છે. ૧૮ વર્ષીય આ યુવક મજૂરીકામ કરે છે અને તે પલસાણાના અંત્રોલીના ભુરી ફળિયાનો રહેવાસી છે. આરોપી જય વાંસફોડા પારડી પો લીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુના છેલ્લા એક મહિનાથી વોન્ટેડ હતો. ઉપરાંત પકડાયેલા આરોપીનો ગુનાહિત ઈતિહાસ પણ છે. તેના પર અગાઉ કડોદરા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં પણ ગુનો નોંધાયેલો છે. પોલીસે આરોપીની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.


**જાહેરનામું**
**મતદારયાદી પ્રસિદ્ધિનો કાર્યક્રમ**
**(જુઓ નિયમ-૪,૫,૬ અને ૭)**

ક્રમાંક:એડીએમ/ચૂંટણી/વ.તા.સ.ખ.વે.સંઘ/૦૧/૨૦૨૬
વલસાડ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., વલસાડની વ્યવસ્થાપક સમિતિના કુલ ૧૨ સભ્યોની ચૂંટણી હાથ ધરવાની છે. જેના સંદર્ભમાં ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતોના નિયમો-૧૯૮૨ના નિયમ-૪, ૫, ૬ અને ૭ની જોગવાઈ અન્વયે સદરહુ સંઘના નીચે જણાવ્યા મુજબ-૩ (ત્રણ) વિભાગના સભાસદોના વિભાગની તૈયાર કરવામાં આવેલ મતદારયાદીઓની પ્રાથમિક પ્રસિદ્ધિનો કાર્યક્રમ નીચે મુજબ કરવામાં આવે છે અને ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો ૧૯૮૨ના નિયમ-૧૬થી તેમજ કલેક્ટરશ્રી વલસાડના તા.૧૭-૦૮-૨૦૨૬ ના નં.ચૂંટણી/વલસાડ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી/૨૦૨૬ થી મળેલ સત્તાની રૂએ હું વિમલ પટેલ, નાયબ કલેક્ટર, વલસાડ આથી જાહેર કરું છું કે તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી વ્યવસ્થાપક સમિતિના કુલ-૧૨ સભ્યોની ચૂંટણી થવાની છે. તે અંગે ચૂંટણી અંગેની જાહેરાત નમુનો-૧ ની અનુસુચિના નિર્દિષ્ટ કરેલ મતદાર મંડળ અથવા મતદાર મંડળોની ચૂંટણી સંબંધમાં નિયમ-૧૬ હેઠળ નીચે મુજબ કાર્યક્રમ નક્કી કર્યો છે.

મતદાર વિભાગો

| | | |
|---|---|---|
| ૧ | અ-વર્ગઃ સંયોજીત સેવા સહકારી મંડળી વિ.કા. સહકારી મંડળીના પ્રતિનિધિ | ૯ |
| | બ-વર્ગઃ સંયોજીત મંડળીઓ પૈકી રૂપાંતર મંડળી, દૂધ મંડળી તથા કન્ઝયુમર્સ મંડળી બીજી અન્ય પ્રકારની મંડળી પ્રતિનિધિ | ૨ |
| | ક-વર્ગઃ સંઘના વ્યક્તિ સભ્યો પૈકી ચૂંટાયેલ ૪ ડેલીગેટો પૈકી | ૧ |

મતદાર યાદીનો કાર્યક્રમ

| અ.નં. | વિગત | તારીખ/વાર | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | કામચલાઉ મતદાર યાદીની પ્રસિદ્ધિ | ૨૯-૦૮-૨૦૨૬ (શનિવાર) | સવારે ૧૧:૦૦ કલાકે | ૧. વલસાડ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., વલસાડ<br>૨. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરની કચેરી વલસાડ<br>૩. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર કચેરી, વલસાડ (ગ્રામ્ય)<br>૪. જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, વલસાડ. |
| ૨ | પ્રસિદ્ધિની તારીખથી મતદાર યાદી સામે દાવો/વાંધો હોય તો તે રજુ કરવાની છેલ્લી તારીખ | ૦૭-૦૯-૨૦૨૬ (સોમવાર) | ૧૫:૦૦ કલાક સુધી | ચૂંટણી અધિકારી સમક્ષ, નાયબ કલેક્ટરની કચેરી, વલસાડ |
| ૩ | મતદાર યાદી સામે આવેલ દાવા અને વાંધાઓના નિકાલ કરવાની છેલ્લી તારીખ | ૦૮-૦૯-૨૦૨૬ (મંગળવાર) | સવારે ૧૧:૦૦ કલાકે | ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર કચેરી, વલસાડ |
| ૪ | આખરી મતદાર યાદીની પ્રસિદ્ધિ | ૦૯-૦૯-૨૦૨૬ (બુધવાર) | સવારે ૧૧:૦૦ કલાકે | ૧. વલસાડ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., વલસાડ<br>૨. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરની કચેરી, વલસાડ<br>૩. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર કચેરી, વલસાડ (ગ્રામ્ય)<br>૪. જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, વલસાડ |

ચૂંટણી અંગેની જાહેરાત
નમૂનો-૧,
(જુઓ નિયમ-૧૬)
અનુસૂચિ

| | | | |
|---|---|---|---|
| ૧ | મતદાર વિભાગનું નામ | અ-વર્ગઃ સંયોજીત સેવા સહકારી મંડળી વિ.કા.સહકારી મંડળીના પ્રતિનિધિ | ૯ |
| | | બ-વર્ગઃ સંયોજીત મંડળીઓ પૈકી રૂપાંતર મંડળી, દૂધ મંડળી તથા કન્ઝયુમર્સ મંડળી બીજી અન્ય પ્રકારની મંડળી પ્રતિનિધિ | ૨ |
| | | ક-વર્ગઃ સંઘના વ્યક્તિ સભ્યો પૈકી ચૂંટાયેલ ૪ ડેલીગેટો પૈકી | ૧ |
| ૨ | ઉમેદવારી પત્રો મેળવવા અને ભરેલા ઉમેદવારી પત્રો રજુ કરવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ. | તા.૧૦-૦૯-૨૦૨૬ (ગુરુવાર) થી તા.૧૪-૦૯-૨૦૨૬ (સોમવાર) (દરરોજ ૧૫-૦૦ કલાક સુધી) ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર વલસાડની કચેરી, જીલ્લા સેવા સદન, ભોય તળીયે, ડાબી વીંગ, વલસાડ | |
| ૩ | મળેલા ઉમેદવારી પત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખઃ | તા.૧૦-૦૯-૨૦૨૬ (ગુરુવાર) થી તા.૧૪-૦૯-૨૦૨૬ (સોમવાર) (દરરોજ ૧૫-૦૦ કલાક સુધી) ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરની કચેરી, જીલ્લા સેવા સદન, ભોય તળીયે, ડાબી વીંગ, વલસાડ | |
| ૪ | ઉમેદવારી પત્રોની ચકાસણી તારીખ, સમય અને સ્થળ. | તા. ૧૬-૦૯-૨૦૨૬ (બુધવાર) ના રોજ સવારે ૧૧-૦૦ કલાકથી કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટરની વલસાડની કચેરી, જીલ્લા સેવા સદન, ભોય તળીયે, ડાબી વીંગ, વલસાડ | |
| ૫ | માન્ય ઉમેદવારી પત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખઃ | તા.૧૬-૦૯-૨૦૨૬ (બુધવાર)ના રોજ ચકાસણીની કામગીરી પૂર્ણ થયા બાદ | |
| ૬ | ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ. | તા.૧૭-૦૯-૨૦૨૬ (ગુરૂવાર) ૧૫-૦૦ કલાક સુધી ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર વલસાડની કચેરી, જીલ્લા સેવા સદન, ભોય તળીયે, ડાબી વીંગ, વલસાડ | |
| ૭ | હરીફ ઉમેદવારોની આખરી યાદી પ્રસિધ્ધ કરવાની | તા.૧૮-૦૯-૨૦૨૬ (શુક્રવાર) | |
| ૮ | મતદાન જરૂરી હોય તો તેની તારીખઃ | તા. ૨૭-૦૯-૨૦૨૬ (રવિવાર) | |
| ૯ | જે સમય દરમ્યાન મતદાન થશે તે સમય. | સવારના ૮-૦૦ કલાકથી ૧૫-૦૦ કલાક સુધી | |
| ૧૦ | મત ગણતરી માટેની તારીખઃ | તા. ૨૭-૦૯-૨૦૨૬ (રવિવાર) ૧૭-૦૦ કલાકથી પૂર્ણ થાય ત્યાં સુધી | |
| | મત ગણતરી સ્થળઃ એ.પી.એમ.સી. વલસાડ | | |

સ્થળ: વલસાડ
તારીખ: As per E-Sign

E-Sign/-
(વિમલ પટેલ)
ચૂંટણી અધિકારી,
વલસાડ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ
અને નાયબ કલેક્ટર, વલસાડ

નં. માહિતી/વલસાડ/૩૫૩/૨૦૨૬